Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 17, Issue. 286, June 2026

પ્રિય વાચક મિત્રો,

## આંતરિક સ્વાસ્થ્યથી વૈશ્વિક સ્વાસ્થ્ય તરફ યોગ અને પર્યાવરણની સંવાદિતા

પ્રિય વિદ્યાર્થીઓ, અધ્યાપકમિત્રો, સંશોધકો, કર્મચારીગણ અને વિશ્વવિદ્યાલય પરિવારના સૌ સહભાગીઓ,

જૂન માસ આપણા માટે માત્ર શૈક્ષણિક પ્રવૃત્તિઓ, નવા શૈક્ષણિક સત્રની શરૂઆત અને સંસ્થાકીય આયોજનનો સમય નથી; તે માનવજીવનના બે અત્યંત મૂળભૂત પરિમાણો – **આંતરિક સંતુલન અને બાહ્ય પર્યાવરણ** વિશે ગંભીરતા પૂર્વક વિચારવાનો અવસર પણ છે. જૂન માસમાં ઉજવાતા વિશ્વ પર્યાવરણ દિવસ (૫ જૂન) અને **આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (૨૧ જૂન)** આપણને જીવનના આ બંને પરિમાણોને એકબીજા સાથે જોડીને જોવાની પ્રેરણા આપે છે.

### વિશ્વ પર્યાવરણ દિવસઃ પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીનું સ્મરણઃ

દર વર્ષે ૫ જૂને ઉજવાતો વિશ્વ પર્યાવરણ દિવસ સમગ્ર વિશ્વને પર્યાવરણ સંરક્ષણ, જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન, પ્રદૂષણ અને કુદરતી સંસાધનોના જવાબદાર ઉપયોગ અંગે જાગૃત કરવાનો મહત્વપૂર્ણ વૈશ્વિક અવસર છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે ૫ જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે સ્વીકાર્યો છે. આજના સમયમાં આ દિવસનું મહત્ત્વ અગાઉ કરતાં અનેકગણું વધી ગયું છે, કારણ કે આબોહવા પરિવર્તન, વધતું તાપમાન, હવાનું તથા જળનું પ્રદૂષણ, જમીનની ગુણવત્તામાં ઘટાડો, વનવિનાશ અને જૈવવિવિધતાના નુકસાન જેવા પ્રશ્નો માનવજાતના ભવિષ્યને સીધી અસર કરી રહ્યા છે.

ભારતીય જ્ઞાનપરંપરામાં પર્યાવરણ પ્રત્યેનો આદર કોઈ આધુનિક વિચાર નથી. હજારો વર્ષ પહેલાં અથર્વવેદના પૃથ્વીસૂક્તમાં અત્યંત ગહન ભાવ વ્યક્ત થયો છેઃ

"माता भूमिः पुत्रोऽहं पृथिव्याः"
(અથર્વવેદ, ૧૨.૧.૧૨)

અર્થાત્–**"પૃથ્વી મારી માતા છે અને હું પૃથ્વીનો પુત્ર છું."**

આ એક પંક્તિમાં આધુનિક પર્યાવરણ નૈતિકતાનો મૂળભૂત સિદ્ધાંત સમાયેલો છે. જો પૃથ્વીને માત્ર 'સંસાધન' માનવામાં આવે, તો તેનો ઉપયોગ અને શોષણ વધે છે; પરંતુ જો તેને 'માતા' તરીકે જોવામાં આવે, તો તેમાં કૃતજ્ઞતા, સંવેદના, સંરક્ષણ અને જવાબદારીનો ભાવ જન્મે છે.

આથી પર્યાવરણ સંરક્ષણ માત્ર વૃક્ષારોપણ સુધી મર્યાદિત રહી શકે નહીં. તે આપણી જીવનશૈલીનો અભિન્ન ભાગ બનવું જોઈએ. પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ, ઊર્જાની બચત, એકવાર વપરાતા પ્લાસ્ટિકનો ઘટાડો, કચરાનું વૈજ્ઞાનિક વ્યવસ્થાપન, જૈવવિવિધતાનું સંરક્ષણ, સ્થાનિક પ્રજાતિઓનું જતન, હરિત પરિવહન અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા જેવી પ્રવૃત્તિઓને દૈનિક જીવનમાં સ્થાન આપવું જરૂરી છે.

**વિશ્વવિદ્યાલય માત્ર જ્ઞાનનું કેન્દ્ર નથી; તે જવાબદાર નાગરિકતાનું નિર્માણ કરતું કેન્દ્ર પણ છે.** તેથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની જવાબદારી માત્ર પર્યાવરણ અંગે વ્યાખ્યાનો અને કાર્યક્રમો યોજવાની નથી, પરંતુ પોતાના કેમ્પસને જ 'જીવંત પ્રયોગશાળા' (Living Laboratory) બનાવવાની છે. પાણી સંરક્ષણ, સોલાર ઊર્જા, હરિત કેમ્પસ, કચરા વ્યવસ્થાપન, જૈવવિવિધતા ઉદ્યાન, પ્લાસ્ટિકમુક્ત પરિસર અને પર્યાવરણલક્ષી સંશોધન જેવા પ્રયાસો દ્વારા વિશ્વવિદ્યાલય સમાજને દિશા આપી શકે છે.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ : શરીરથી મન અને મનથી સમાજ સુધી

૨૧ જૂન વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતના પ્રસ્તાવને આધારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ ઠરાવ ૬૯/૧૩૧ દ્વારા ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો હતો. યોગની સર્વમાન્યતા અને આરોગ્ય તથા સુખાકારી માટેના તેના મહત્વને વિશ્વ સમુદાયે સ્વીકાર્યું છે.

યોગને માત્ર શારીરિક કસરત તરીકે જોવો એ તેની વ્યાપકતાને સીમિત કરવું છે. મહર્ષિ પતંજલિના યોગસૂત્રનું પ્રસિદ્ધ સૂત્ર છેઃ

योगश्चित्तवृत्तिनिरोधः
(પતંજલિ યોગસૂત્ર, ૧.૨)

અર્થાત્–**ચિત્તની ચંચળ વૃત્તિઓનું નિયંત્રણ અથવા સંયમ એ યોગ છે.**

આ વ્યાખ્યા આપણને યાદ અપાવે છે કે યોગનો મૂળ ઉદ્દેશ માત્ર શરીરને લવચીક બનાવવાનો નથી; તે મનને સ્થિર, સંયમિત અને જાગૃત બનાવવાની પ્રક્રિયા છે. આજના ઝડપી, સ્પર્ધાત્મક અને સતત બદલાતા વિશ્વમાં આ આંતરિક સ્થિરતાનું વિશેષ મહત્વ છે.

ભગવદ્ ગીતામાં પણ યોગને સમત્વ સાથે જોડવામાં આવ્યો છેઃ

**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન
**Dakshinayan e-Newsletter**
For Private Circulation Only



**Vol. 17, Issue. 286, June 2026**

सिद्ध्य सिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते
(શ્રીમદ્ ભગવદ્ ગીતા, ૨.૪૮)

અર્થાત્–**સફળતા અને નિષ્ફળતા બંનેમાં સમભાવ જાળવવો એ યોગ છે.**

વિદ્યાર્થીજીવનમાં આ વિચાર અત્યંત પ્રાસંગિક છે. પરીક્ષાનું પરિણામ, સંશોધનની સફળતા, કારકિર્દીની સ્પર્ધા, સામાજિક અપેક્ષાઓ અને વ્યક્તિગત પડકારો વચ્ચે માનસિક સંતુલન જાળવવું આજના યુવાનો માટે મોટો પડકાર છે. યોગ શરીરને શક્તિ આપે છે, શ્વાસને શિસ્તબદ્ધ કરે છે, મનને એકાગ્ર કરે છે અને જીવન પ્રત્યે સંતુલિત દૃષ્ટિ વિકસાવવામાં સહાય કરે છે.

૨૦૨૬ના આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્રસંઘે "Yoga for Healthy Ageing" પર ભાર મૂક્યો છે, જે યોગને જીવનના વિવિધ તબક્કાઓમાં સ્વાસ્થ્ય, ગતિશીલતા, માનસિક સુખાકારી અને ગૌરવપૂર્ણ જીવન સાથે જોડે છે.

## યોગ અને પર્યાવરણઃ બે દિવસ, એક જ સંદેશ

પ્રથમ દૃષ્ટિએ યોગ દિવસ અને પર્યાવરણ દિવસ અલગ વિષયો જેવા લાગે છે; પરંતુ ઊંડાણપૂર્વક જોવામાં આવે તો બંને એક જ જીવનદર્શન તરફ દોરી જાય છે. **સંતુલન, સંયમ અને સહઅસ્તિત્વ.**

યોગ આપણને પોતાના શરીર અને મન સાથે સંવાદ કરવાનું શીખવે છે; પર્યાવરણ આપણને પ્રકૃતિ સાથે સંવાદ કરવાનું શીખવે છે. યોગમાં શ્વાસ પ્રત્યે જાગૃતિ છે, જ્યારે પર્યાવરણ સંરક્ષણમાં હવા પ્રત્યે જવાબદારી છે. યોગમાં સંયમ છે, જ્યારે ટકાઉ વિકાસમાં સંસાધનોના જવાબદાર ઉપયોગનો સંયમ છે. યોગમાં આંતરિક સ્વચ્છતા છે અને પર્યાવરણ સંરક્ષણમાં બાહ્ય સ્વચ્છતા. આ રીતે **'અંતરથી બહાર'** અને **'વ્યક્તિથી વિશ્વ'** સુધીનો એક સાતત્યપૂર્ણ સંબંધ સ્થાપિત થાય છે.

## વિશ્વવિદ્યાલય તરીકે આપણી સામૂહિક જવાબદારી

ઉચ્ચ શિક્ષણ સંસ્થા તરીકે આપણી જવાબદારી માત્ર વિદ્યાર્થીઓને ડિગ્રી આપવાની નથી. આપણે એવા **જાગૃત, વૈજ્ઞાનિક દૃષ્ટિ ધરાવતા, સંવેદનશીલ અને જવાબદાર નાગરિકો** ઘડવાના છે, જે સમાજ અને પ્રકૃતિ બંને પ્રત્યે પોતાની ફરજ સમજે.

આથી, હું વિશ્વવિદ્યાલય પરિવારના તમામ સભ્યોને આ બંને દિવસોને એક દિવસની ઉજવણી પૂરતા મર્યાદિત ન રાખવા માટે આહ્વાન કરું છું. **યોગને દૈનિક જીવનની શિસ્ત બનાવીએ અને પર્યાવરણ સંરક્ષણને જીવનમૂલ્ય બનાવીએ.**

વિદ્યાર્થીઓ નિયમિત યોગાભ્યાસ, ધ્યાન અને પ્રાણાયામ દ્વારા પોતાના શારીરિક તથા માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવે. સાથે જ તેઓ પાણી અને ઊર્જાની બચત, વૃક્ષોનું જતન, સ્વચ્છતા, પ્લાસ્ટિકનો ઘટાડો અને પર્યાવરણલક્ષી જીવનશૈલીને સ્વીકારી શકે. અધ્યાપકો અને સંશોધકો યોગ, માનસિક સુખાકારી, જાહેર આરોગ્ય, આબોહવા પરિવર્તન, ટકાઉ વિકાસ, પર્યાવરણ, અર્થશાસ્ત્ર, હરિત ટેક્નોલોજી અને સામાજિક ન્યાય જેવા ક્ષેત્રોમાં આંતરવિષયક સંશોધનને પ્રોત્સાહિત કરી શકે.

આપણી વિશ્વવિદ્યાલયનો દરેક કેમ્પસ, દરેક વર્ગખંડ, દરેક પ્રયોગશાળા અને દરેક વિદ્યાર્થી–પ્રવૃત્તિ **ટકાઉ વિકાસના જીવંત ઉદાહરણ** બની શકે આવો સંકલ્પ આપણે લઈએ.

આપણે યાદ રાખવું જોઈએ કે **સ્વસ્થ મન વિના સ્વસ્થ સમાજનું નિર્માણ શક્ય નથી અને સ્વસ્થ પર્યાવરણ વિના સ્વસ્થ માનવજીવન શક્ય નથી.** યોગ આપણને પોતાના અંતરમાં સંતુલન શોધવાનું શીખવે છે; પર્યાવરણ આપણને આપણા અસ્તિત્વની બાહ્ય પરિસ્થિતિનું સંરક્ષણ કરવાનું શીખવે છે.

આ બંનેમાંથી એક સુંદર જીવનસૂત્ર પ્રાપ્ત થાય છે **'પોતાને સંભાળો, પ્રકૃતિને સંભાળો અને ભવિષ્યને સંભાળો'.**

આ જૂન માસે આપણે યોગને માત્ર આસન સુધી નહીં, પરંતુ **સંતુલિત જીવનના દર્શન** તરીકે સ્વીકારીએ; અને પર્યાવરણ દિવસને માત્ર વૃક્ષારોપણના કાર્યક્રમ સુધી નહીં, પરંતુ **પ્રકૃતિ પ્રત્યેની દીર્ઘકાલીન નૈતિક પ્રતિબદ્ધતા** તરીકે જીવીએ.

ચાલો, આપણે એવી વિશ્વવિદ્યાલયનું નિર્માણ કરીએ જ્યાં જ્ઞાન સાથે વિવેક, પ્રગતિ સાથે જવાબદારી, ટેક્નોલોજી સાથે માનવતા અને વિકાસ સાથે પ્રકૃતિનું સંતુલન જળવાય.

सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः

સર્વે સુખી રહે, સર્વે નિરામય રહે – આ ભારતીય પ્રાર્થનાની ભાવનાને વ્યક્તિથી સમાજ અને સમાજથી સમગ્ર પૃથ્વી સુધી વિસ્તૃત કરવાનો સમય આવી ગયો છે.

**વિશ્વ યોગ દિવસ અને વિશ્વ પર્યાવરણ દિવસની હાર્દિક શુભેચ્છાઓ સાથે,**

**તા. ૦૧ જુલાઈ, ૨૦૨૬** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### કેન્દ્રીય રાજયમંત્રીશ્રીએ વિશ્વવિદ્યાલયમાં વૃક્ષારોપણ અને સાફ–સફાઈ કાર્યક્રમાં હાજર રહી મહાયજ્ઞમાં આહુતિ આપી

કેન્દ્ર સરકારના સફળ અને સેવાભાવી શાસનના ૧૨ વર્ષની દેશવ્યાપી ભવ્ય ઉજવણીના ભાગરૂપે તા. ૧૯–૦૬–૨૦૨૬ના રોજ કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમત ગમત વિભાગના રાજય મંત્રી શ્રીમતિ રક્ષાબેન ખડસેએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય કેમ્પસમાં યોજાયેલ વિવિધ રચનાત્મક કાર્યક્રમો અંતર્ગત સાફ–સફાઈ કરવા સાથે પ્રકૃતિના સંતુલન માટે ગ્રીન કેમ્પસના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કર્યુ હતું. આ ઉપરાંત તેમણે વાતાવરણમાં સકારાત્મક ઉર્જા અને પર્યાવરણ શુદ્ધિ માટે વિશ્વવિદ્યાલય દ્વારા યોજયેલા વિશેષ મહાયજ્ઞમાં આહુતિ આપીને આધ્યાત્મિક ભાવ પ્રગટ કર્યો હતો.

આ પ્રસંગે સુરત શહેરના સાસંદશ્રી મુકેશભાઇ દલાલ, સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી માયાબેન માવાણી, ડે. મેયરશ્રી સુધાકર ચૌધરી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, શાસક પક્ષના નેતા શ્રીમતી અલ્પાબેન મહેતા, દંડક શ્રીમતી ઉર્મિલાબેન ત્રિપાઠી, પૂર્વ સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ભારતીય જનતાપાર્ટીના શહેર સંગઠન પ્રમુખશ્રી પરેશભાઈ પટેલ, સંગઠનના પ્રદેશ ઉપપ્રમુખ શ્રીમતી ઝંખનાબેન પટેલ, વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિશ્વવિદ્યાલયના વરિષ્ઠ પદાધિકારીઓ, વિવિધ વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને વિશાળ સંખ્યામાં વિદ્યાથીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા પાસેથી વિશ્વવિદ્યાલયની શૈક્ષણિક પ્રવૃતિઓ, સંશોધનો અને માળખાકીય વિકાસ અંગેની ઝીણવટભરી માહિતી મેળવી હતી. સાથે શૈક્ષણિક ગુણવત્તા માટે વિશ્વવિદ્યાલય પરિવારને અભિનદન પાઠવ્યા હતા. ત્યારબાદ તેમણે દેશના ભવિષ્ય સમાન NSSના વિદ્યાથીઓ અને યુવા કેડેટસ સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે યુવાનોને રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે શિસ્ત, દેશસેવા અને રમત–ગમતમાં કારકિર્દી બનાવી દેશનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કર્યા હતા.




























## વૃક્ષારોપણ કાર્યક્રમ

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા તા. ૦૫–૦૬–૨૦૨૬, શુક્રવારના રોજ કુલપતિશ્રીની અધ્યક્ષતામાં વિશ્વવિદ્યાલય પરિસરને વધુ હરિયાળુ બનાવી, કેમ્પસની મુલાકાત લેનાર હિતધારકોને વૃક્ષારોપણની પ્રેરણા મળી રહે તે હેતુથી ગ્રીન કેમ્પસ અભિયાનના ભાગરૂપ વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વહીવટી અધિકારીશ્રીઓ, વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કેમ્પસમાં જૈવ વિવિધતા ટકી રહે તે હેતુથી પક્ષીઓને સળતાથી કુદરતી ખોરાક મળી રહે તેવા બાગાયતી ફળાઉ રોપા જેવા વૃક્ષોને નિયત અંતર અને વૈજ્ઞાનિક પદ્ધતિથી રોપવામાં આવ્યા હતા. તદ્‌પરાંત આ તમામ વૃક્ષોનું જતન સારી રીતે થઈ શકે તે માટે દરેકે સંકલ્પ કર્યો હતો.

















## B.Com. L.L.B (Hons.)માં પ્રવેશ પ્રક્રિયા

કોર્પોરેટ લૉ અને ટેક્સેશન ક્ષેત્રે વૈશ્વિક તકો માટે સજ્જ થવાની શ્રેષ્ઠ તકઃ પંચવર્ષીય ઇન્ટિગ્રેટેડ કોર્સ માટેના પ્રવેશ માપદંડો જાહેર. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે GCAS પોર્ટલ દ્વારા ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયાના સાતમા દિવસે, વ્યવસાયિક અભ્યાસક્રમ એવા B.Com. LL.B. (Hons.)ની વિગતો પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ પાંચ વર્ષના સંકલિત (Integrated) કોર્સ દ્વારા વિદ્યાર્થીઓને વાણિજ્ય અને કાયદાશાસ્ત્રનું બંનેનું સઘન જ્ઞાન એક સાથે મળે છે.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ આ કોર્સનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, 'આજના કોર્પોરેટ યુગમાં એવા કાયદાકીય નિષ્ણાંતોની માંગ છે, જેઓ બિઝનેસ અને ફાયનાન્સની પણ સમજ ધરાવતા હોય. B.Com. LL.B. (Hons.) કોર્સ દ્વારા અમે એવા પ્રોફેશનલ્સ તૈયાર કરીએ છીએ જેઓ કોર્પોરેટ ગવર્નન્સ, ટેક્સેશન અને બિઝનેસ લો ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ થઈ શકે.'

### ❖ પ્રવેશની માટેની લાયકાત (Eligibility Criteria):

વિશ્વવિદ્યાલય દ્વારા આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ–૧૨ (HSC)ના પરિણામ મુજબ નીચે મુજબના લઘુત્તમ માપદંડો નક્કી કરવામાં આવ્યા છે.

| કેટેગરી | લઘુત્તમ ટકાવારી (HSC) |
|---|---|
| સામાન્ય કેટેગરી (General Category) | ૪૫ % |
| સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) | ૪૨ % |
| અનુસૂચિત જાતિ/જનજાતિ (SC/ST) | ૪૦ % |

### ❖ B.Com. LL.B (Hons.) પ્રોગ્રામની વિશેષતાઓ:

- **પંચવર્ષીય સંકલિત અભ્યાસક્રમ:** ધોરણ–૧૨ પછી સીધો જ ૫ વર્ષનો અભ્યાસક્રમ હોવાથી વિદ્યાર્થીઓનો સમય બચે છે અને કાયદાકીય પાયો મજબૂત બને છે.
- **કોર્પોરેટ ક્ષેત્રે પ્રાધાન્ય:** કોમર્સની સમજ ધરાવતા કાયદાવિદોને મોટી કંપનીઓ, બેંકો અને લીગલ ફર્મ્સમાં પ્રાધાન્ય મળે છે.
- **મૂટ કોર્ટ અને પ્રેક્ટિકલ ટ્રેનિંગ:** વિદ્યાર્થીઓને કોર્ટની કાર્યવાહી અને દલીલોની પ્રેક્ટિસ માટે વિશ્વવિદ્યાલયમાં ખાસ મૂટ કોર્ટ (Moot Court)ની સુવિધા અને ઇન્ટર્નશિપ પૂરી પાડવામાં આવે છે.

### ❖ ભાવિ કારકિર્દીની તકો:

- **વકીલાત (Advocacy):** સિવિલ, ક્રિમિનલ અથવા કોર્પોરેટ વકીલ તરીકે પ્રેક્ટીસ.
- **ન્યાયિક સેવાઓ:** (Civil Judge) અથવા મેજિસ્ટ્રેટની પરીક્ષાઓ આપી શકાય છે.
- **લીગલ એડવાઈઝર:** મોટી કંપનીઓમાં લીગલ કન્સલ્ટન્ટ કે એડવાઈઝર તરીકે ઉચ્ચ પગારવાળી નોકરી.

- **જાહેર ક્ષેત્ર:** બેંક, સરકારી વિભાગો અને PSUમાં લૉ ઓફિસર તરીકેની તકો.


❖ **અરજી પ્રક્રિયા:** વિદ્યાર્થીઓએ સત્તાવાર GCAS પોર્ટલ https://gcas.gujgov.edu.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી વિશ્વવિદ્યાલય તરીકે 'Veer Narmad South Gujarat University' અને કોર્સ તરીકે B.Com. LL.B. (Hons) પસંદ કરવાનો રહેશે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને વર્ધમાન ચેરિટેબલ ફાઉન્ડેશન વચ્ચે ઓનલાઈન ઐતિહાસિક MoU









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે એક ગરિમાપૂર્ણ સમારોહમાં વિશ્વવિદ્યાલય અને વર્ધમાન ચેરિટેબલ ફાઉન્ડેશન વચ્ચે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સહભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને સમાજના કલ્યાણ માટે શૈક્ષણિક, સામાજિક અને વિકાસાત્મક પ્રવૃત્તિઓને વેગ આપવાનો છે. આ સાથે જ, યુવાનોમાં જૈન ધર્મના ઉમદા શિક્ષણ અને મૂલ્યો જેવા કે અહિંસા, સત્ય, કરુણા અને નૈતિક જીવનશૈલીનો પ્રસાર કરી તેમનામાં નૈતિક અને સંસ્કૃતિક જાગૃતિ લાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમની શરૂઆત ખૂબ જ મંગલમય વાતાવરણમાં વિશ્વવિદ્યાલય ગીત અને ત્યારબાદ પવિત્ર નવકાર મંત્રના ગાન સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવ ડૉ. આર.સી.ગઢવી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી આવકારવામાં આવ્યા હતા.

ત્યારબાદ દેશ વિદેશમાંથી ઓનલાઈન જોડાયેલા વિશિષ્ટ મહાનુભાવોએ આ MoUને આવકાર આપી પોતાના પ્રતિભાવો આપ્યા હતા. સુશ્રી અમિતા મહેતા અને શ્રી અરવિંદભાઈ શાહે જૈન ફિલોસોફીના મહત્વ વિશે વાત કરી હતી. તેની સાથોસાથ શ્રી નિરવ શાહ દ્વારા આ ઉપક્રમને વધાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વર્ધમાન ચેરિટેબલ ફાઉન્ડેશન વતી ઉપસ્થિત ડૉ. જશવંત મોદીએ પોતાના ઉદ્દબોધનમાં 'જૈન ચેર', 'જૈન અધ્યયન', 'જૈન ફિલોસોફી' (જૈન દર્શન)ના મહત્વ વિશે ખૂબ જ વિગતવાર વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આ સમજૂતી કરાર (MoU) શૈક્ષણિક જગત માટે એક ઐતિહાસિક પગલું છે અને સમગ્ર જૈન સમુદાય માટે ખૂબ જ ગૌરવશાળી ક્ષણ છે. વધુમાં તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ કરાર અંતર્ગત પ્રારંભિક તબક્કામાં વિશ્વવિદ્યાલય ખાતે જૈન ધર્મ અને સંસ્કૃતિને લગતા વિશેષ 'સર્ટિફિકેટ કોર્સ' શરૂ કરવામાં આવશે, જેથી નવી પેઢી આ ભવ્ય વારસાથી પરિચિત થઈ શકે. વર્ધમાન ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા ૧૭ લાખ પ્રતિવર્ષ અને ત્રણ લાખ સમાજના સહયોગથી કાર્ય આગળ વધશે, આ MoU ત્રણ વર્ષના સમયગાળા માટે થયું છે, જેમાં ફેકલ્ટીના ખર્ચ તેમજ છાત્ર વૃત્તિ પણ આપવામાં આવશે.

આ ભવ્ય કાર્યક્રમમાં મુખ્ય અધ્યક્ષ તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં આ કરારને વિશ્વવિદ્યાલય અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ગણાવ્યો હતો. આ કરાર પર વિશ્વવિદ્યાલય વતી કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને વર્ધમાન ચેરિટેબલ ફાઉન્ડેશન વતી ડૉ. જશવંત મોદીએ હસ્તાક્ષર કરીને દસ્તાવેજોનું સત્તાવાર આદાન પ્રદાન કર્યું હતું.

આ પ્રસંગે દેશ અને વિદેશમાંથી અનેક જાણીતા જૈન સ્કોલર્સ અને અગ્રણીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા અને આ સંયુક્ત પ્રયાસને બિરદાવતા પોતાના હકારાત્મક પ્રતિભાવો રજૂ કર્યા હતા. જેમાં મુખ્યત્વેઃ શ્રી સુલેખ જૈન, સુરતથી શ્રી નિરવ શાહ, શ્રી મિતુલ શાહ, શ્રી નેત્ર પાંડે, શ્રી મનીષ મહેતા, શ્રી કિંજલ શાહ, ડૉ. સીએ અરવિંદભાઈ શાહ, શ્રી જીગ્નેશભાઈ શાહ, સુશ્રી અમિતાબેન મહેતા, શ્રી રાજેશભાઈ મહેતા, ડૉ. દેવભદ્ર શાહ, ડૉ. આનંદ કુમાર જૈન બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયથી જોડાયા હતા અને તેમણે પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંયોજન ડૉ. અશોક જેતાવત દ્વારા ખૂબ જ સુચારુ રીતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડૉ. ભરત ઠાકોર દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, ઓનલાઈન જોડાયેલા સ્કોલર્સ અને શ્રોતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી આભારવિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગના વડાઓ, અધ્યાપકો અને આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને ડોનેટ લાઈફ વચ્ચે અંગદાન જાગૃતિ માટે MoU



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને ડોનેટ લાઈફ વચ્ચે અંગ દાન અંગે જાગૃતિ ફેલાવવા તથા યુવાનોને આ મહાન માનવસેવા સાથે જોડવા માટે મહત્વપૂર્ણ સમજૂતિ કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ MoU દ્વારા બંને સંસ્થાઓ 'મિશન ૨૦૪૭' અંતર્ગત અંગદાન અંગે વ્યાપક જાગૃતિ, શિક્ષણ, સંશોધન અને યુવા સહભાગિતાને પ્રોત્સાહન આપશે.

આ પ્રસંગે VNSGU સ્કિલ સેન્ટર દ્વારા આયોજિત CSR Meetમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, સમાજસેવકો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સ્વાગત અને પ્રાસંગિક ઉદ્બોધન ડૉ. ભાવેશ વણપરિયાએ કર્યું હતું. કાર્યક્રમનું અસરકારક સંચાલન સુશ્રી અનુ આમોદયાએ કર્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા 'ડોનેટ લાઈફ'ના સ્થાપક અને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત શ્રી નિલેશ માંડલેવાલાએ યુવાનોમાં અંગદાન અંગે જાગૃતિ લાવવા માટે યુવાનોને સજ્જ થવા અને YODHA (Youth Organ Donation Health Awareness) બનીને દેશનાં Mission@2027ને સિદ્ધ કરવા અંગદાન અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કાર્ય કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, યુવાનોની સક્રિય ભાગીદારી દ્વારા અંગદાનની ચળવળને વધુ વ્યાપક બનાવી શકાય છે અને અનેક લોકોને નવજીવન આપી શકાય છે. આ સમાજની અનિવાર્ય એવી જરૂરિયાત છે.

કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે શ્રી મિહિર ખીલાવાલાએ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR), સામાજિક જવાબદારી અને યુવા શક્તિના મહત્વ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સમાજના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓ વચ્ચેના સહકારની આવશ્યકતા પર ભાર મૂકયો હતો.

કાર્યક્રમમાં વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા શ્રી અનિલ પટેલ (લુથરા ફાઉન્ડેશન)એ CSRના માધ્યમથી સમાજના સર્વાંગી વિકાસ માટે થઈ રહેલા પ્રયત્નોની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે શિક્ષણ, આરોગ્ય, કૌશલ્ય વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને સમાજના વંચિત વર્ગોના ઉત્થાન માટે 'લુથરા ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવતી વિવિધ સામાજિક પહેલ અને યોગદાન અંગે પ્રકાશ પાડયો હતો. તેમણે કોર્પોરેટ ક્ષેત્ર અને સામાજિક સંસ્થાઓને સંયુક્ત રીતે કાર્ય કરીને વધુ અસરકારક અને ટકાઉ સામાજિક પરિવર્તન લાવવાની હાંકલ કરી હતી. શ્રી પટેલે VNSGU અને Donate Life વચ્ચે થયેલા MoUને આવકારતા જણાવ્યું હતું કે, યુવાનોને અંગદાન જેવા માનવતાવાદી અભિયાન સાથે જોડવાનો આ પ્રયાસ સમાજ માટે અત્યંત પ્રેરણાદાયક અને લાભદાયક સાબિત થશે.

કાર્યક્રમ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીએ ઉપસ્થિત વિવિધ કોર્પોરેટ હાઉસ, ઉદ્યોગગૃહો અને સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs)ને વિશ્વવિદ્યાલયની વિવિધ CSR પ્રવૃત્તિઓ સાથે જોડવાના અને સામાજિક વિકાસના કાર્યોમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. તેમણે શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને સમાજ કલ્યાણના ક્ષેત્રોમાં વિશ્વવિદ્યાલય સાથે સહકાર વધારવા માટે સૌને આમંત્રણ આપ્યું હતું.

આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના રજિસ્ટ્રાર ડૉ. આર.સી. ગઢવીએ MoUના અમલીકરણ, ભાવિ કાર્યક્રમોની રૂપરેખા તથા વિશ્વવિદ્યાલય અને ડોનેટ લાઈફ વચ્ચેના સહયોગને વધુ અસરકારક બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ ભાગીદારી દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારીની ભાવના વધુ મજબૂત બનશે તેમજ અંગદાન જાગૃતિ અભિયાનને નવી ઊંચાઈને પ્રાપ્ત થશે.

MoU અંતર્ગત VNSGUના વિદ્યાર્થીઓ માટે ડોનેટ લાઈફ ખાતે ઇન્ટર્નશિપ, તાલીમ, સંશોધન તથા રોજગારલક્ષી તકો ઉપલબ્ધ કરાવવામાં આવશે. સાથે જ અંગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે સેમિનાર, વર્કશોપ અને વિવિધ અભિયાનોનું સંયુક્ત આયોજન કરવામાં આવશે.

કાર્યક્રમના અંતે ડૉ. નરેશ શુક્લાએ આભારવિધિ કરી હતી અને તમામ મહાનુભાવો, મહેમાનો તથા ઉપસ્થિત સહભાગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.આ CSR Meet અને MoU દ્વારા VNSGU તથા ડોનેટ લાઈફે અંગદાન જાગૃતિના ક્ષેત્રમાં એક નવી દિશામાં આગળ વધવાનો પથ તૈયાર કર્યો છે, જે ભવિષ્યમાં સમગ્ર દેશની વિશ્વવિદ્યાલયો માટે પ્રેરણારૂપ બનશે.

## પીએચ.ડી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજકાર્ય પ્રોગ્રામમાં ચાલતા પીએચ.ડી. અભ્યાસક્રમ અંતર્ગત ડૉ. પ્રિતીકુમારી યોગેશભાઈ કોંકણી દ્વારા પ્રસ્તુત સંશોધન, 'અભ્યાસ આદિવાસી બાળકોમાં કુપોષણ માટેના જવાબદાર પરિબળો અને આંગણવાડીઓના પ્રયત્નોનો સમાજકાર્યના પરિપેક્ષ્યમાં એક અભ્યાસ (તાપી જીલ્લાના સંદર્ભમાં)' વિશ્વવિદ્યાલય દ્વારા માન્યતા આપી તેમણે પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરેલ છે. ઉપરોકત સંશોધન અભ્યાસ તેમણે સમાજકાર્યના આસિસ્ટન્ટ પ્રોફેસર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ સોશિયલ વર્ક ચેરમેન, ડૉ. બહાદુરસિંહ વસાવાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ છે. સરાહનીય કામગીરી અને ઉપલબ્ધી બદલ ડૉ. પ્રિતીકુમારી કોંકણીને વિશ્વવિદ્યાલય અને સમાજશાસ્ત્ર વિભાગ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### લોકજાગૃતિ કાર્યક્રમો






કૉલેજના NSS યુનિટ દ્વારા જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક જવાબદારીના ઉદ્દેશ્ય સાથે વિવિધ લોકજાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. સેજલ એ. દેસાઈના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ તા. ૨ જૂન ૨૦૨૬ના રોજ 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત કૉલેજ પરિસર તેમજ આસપાસના વિસ્તારમાં પડેલા કચરાનું યોગ્ય રીતે એકત્રીકરણ કરી 'સ્વચ્છતા એ જ સેવા'નો સંદેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ તા. ૩ જૂન, ૨૦૨૬ના રોજ દેશના આર્થિક વિકાસ અને ગ્લોબલ વોર્મિંગના નિયંત્રણ માટે 'Save Fuel, Save Nation' અંતર્ગત જાગૃતિ સભા અને રેલી કાઢવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓને જાહેર પરિવહન અને કાર-પૂલિંગ અપનાવવા અપીલ કરાઈ હતી.

કચરાના નિકાલ અને પુનઃ ઉપયોગ માટે તા. ૪ જૂન, ૨૦૨૬ના રોજ 'રિસાયકલ હોર્સ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ પ્લાસ્ટિકની બોટલો, કાગળ અને સ્ટેશનરી જેવી નકામી વસ્તુઓ એકત્રિત કરી તેમાંથી 'કચરામાંથી કળા' કે જરૂરિયાતમંદોને સહાય પૂરી પાડવાનું સુંદર માધ્યમ ઊભું કરાયું છે. અંતમાં તા. ૫ જૂન, ૨૦૨૬ના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે કૉલેજ કેમ્પસમાં ૫૦થી વધુ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણની મુખ્ય વિશેષતા એ રહી કે વિદ્યાર્થીઓએ પ્રત્યેક વૃક્ષને આગવું નામ આપીને તેને દત્તક લીધા હતા અને ભવિષ્યમાં તેની સંપૂર્ણ સંભાળ રાખવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. આચાર્યશ્રીએ અને સમગ્ર સ્ટાફે NSSની આ તમામ પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને જણાવ્યું હતુ કે આવા રચનાત્મક કાર્યો વિદ્યાર્થીઓમાં સામાજિકમૂલ્યો અને રાષ્ટ્રસેવાની ભાવના વધુ મજબૂત બનાવે છે.

### ગૌસેવા અને કેમ્પિંગ કાર્યક્રમ

કૉલેજના આચાર્યશ્રી ડૉ. સેજલ દેસાઈના માર્ગદર્શન હેઠળ કૉલેજના NSS યુનિટ દ્વારા ઉમરા ગામ ખાતે આવેલી શ્રી સિયારામ ગૌશાળામાં ગૌસેવા અને કેમ્પિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં NSSના સ્વયંસેવકોએ ગૌશાળાની સફાઈ, ગાયો માટે ચારો તૈયાર કરવો, ગાયોને ચારો ખવડાવવો, પાણી પીવડાવવું તેમજ તેમની સેવા અને સંભાળ જેવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સેવા, માનવતા, જીવદયા અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો. ગૌસેવા દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિમાં ગાયના મહત્વ વિશે જાણવાનો અવસર પ્રાપ્ત થયો. કાર્યક્રમ દરમિયાન NSS સ્વયંસેવકો દ્વારા ગૌશાળાના સંચાલકો સાથે સંવાદ કરી ગૌશાળાના કાર્ય અને ગાયોનું સંવર્ધન અંગે પણ માહિતી મેળવી હતી.







## મેઘસાગર ફાઉન્ડેશન વૃદ્ધાશ્રમની મુલાકાત






તા. ૧૨ જુન, ૨૦૨૬નાં રોજ કૉલેજના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'મેઘસાગર ફાઉન્ડેશન વૃદ્ધાશ્રમ'ની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે NSSના સ્વયંસેવકોએ વૃદ્ધાશ્રમમાં નિવાસ કરતા વડીલો સાથે આત્મીયતા અને સ્નેહભર્યો સમય વ્યતિત કરી તેમની સાથે હૃદયસ્પર્શી સંવાદ સાધ્યો હતો. સેવાભાવથી પ્રેરિતવિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્વયંસેવકોએ વડીલો પ્રત્યે આદર, કરુણા, સંવેદના અને માનવતાના મૂલ્યોને ઉજાગર કરવાનો સફળ પ્રયાસ કર્યો હતો. વડીલોના જીવનસંઘર્ષ, અનુભવો અને જીવનદર્શનને નજીકથી જાણવાનો અવસર મળતાં સ્વયંસેવકોને જીવનના અમૂલ્ય પાઠ પ્રાપ્ત થયા હતા. તેમના પ્રેરણાદાયી અનુભવોમાંથી વિદ્યાર્થીઓએ ધૈર્ય, સહનશીલતા અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું મહત્વ સમજ્યું હતું. આ મુલાકાતે સ્વયંસેવકોમાં સામાજિક જવાબદારી, સેવાભાવ અને માનવીય મૂલ્યો પ્રત્યેની જાગૃતિને વધુ દૃઢ બનાવી હતી.

## વિશ્વ વ્યસનમુક્તિ દિવસની ઉજવણી



NSS Unit દ્વારા ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ વિશ્વ વ્યસનમુક્તિ દિવસની અર્થપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા પેઢીમાં વ્યસન પ્રત્યે જાગૃતિ લાવી સ્વસ્થ અને જવાબદાર જીવનશૈલી માટે પ્રેરણા પૂરું પાડવાનો હતો. આ જાગૃતિ કાર્યક્રમમાં કૉલેજના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ તથા NSS સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન તમામ ઉપસ્થિતોએ તેમજ વિવિધ વર્ગોમાં જઈ વ્યસનમુક્ત જીવન જીવવાની પ્રતિજ્ઞા લઈ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઇસ્કોન મંદિરના પૂજ્યશ્રીલા પ્રભુપાદ દાસજી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વ્યસનના વ્યક્તિગત, સામાજિક અને આરોગ્ય સંબંધિત ગંભીર પ્રભાવોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને વ્યસનથી દૂર રહી મૂલ્ય આધારિત જીવન જીવવા માટે પ્રેરિત કર્યા હતા. આ ઉપરાંત, ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ વ્યસનમુક્તિ હેલ્પલાઈન નં. ૧૪૪૪૬ અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા, જેથી જરૂરિયાતમંદ વ્યક્તિઓ યોગ્ય માર્ગદર્શન અને સહાય મેળવી શકે. કાર્યક્રમના અંતે સંદેશ આપવામાં આવ્યો હતો કે સ્વસ્થ, સંસ્કારી અને વ્યસનમુક્ત યુવાશક્તિ જ રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયો છે. આવો, આપણે સૌ મળીને વ્યસનમુક્ત, સ્વસ્થ અને સશક્ત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપીએ.

## વિશ્વ યોગા દિવસની ઉજવણી








કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ વિશ્વ યોગા દિવસની અર્થપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના એન.એસ.એસ. વિભાગના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં DYO, MY Bharat, સુરતના અભિષેક ગાયકવાડ તેમજ યોગ નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ યોગાસન, પ્રાણાયમ અને ધ્યાનની વિવિધક્રિયાઓ કરાવવામાં આવી હતી. તેમણે યોગાના શારીરિક, માનસિક અને ભાવનાત્મક લાભો વિશે વિસ્તૃતમાહિતી આપતા જણાવ્યું હતું કે યોગ વ્યકિતના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાધન છે. નિયમિત યોગાભ્યાસ દ્વારા તણાવમુકત અને સ્વસ્થ જીવન જીવવું શક્ય બને છે. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને National Youth Volunteer (રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક) જૈવિક રૈયાણી પ્રતિનિધિઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે યુવાનોને યોગને જીવનનો અભિન્ન ભાગ બનાવવા તેમજ સ્વસ્થ ભારતના નિર્માણમાં સહભાગી બનવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં સૌએ નિયમિત યોગાભ્યાસ કરવાનો સંકલ્પ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને કૉલેજના એન.એસ.એસ. વિભાગ અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઓરિએન્ટેશન કાર્યક્રમ




ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૨૯–૦૬–૨૦૨૬ના રોજ આર્ટ્સ અને કોમર્સ વિભાગના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે "ઓરિએન્ટેશન કાર્યક્રમ" યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા વિદ્યાર્થીઓને કૉલેજના શૈક્ષણિક વાતાવરણ, નિયમો, વિવિધ પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધ સુવિધાઓથી પરિચિત કરાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને કૉલેજ ગીતથી કરવામાં આવી. ત્યારબાદ ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલ એ. દેસાઈએ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી ઉચ્ચ શિક્ષણમાં શિસ્ત, નિયમિતતા અને સર્વાંગી વિકાસ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. વિવિધ વિભાગોના વડાઓએ વિભાગીય માહિતી આપી તેમજ વિદ્યાર્થીઓને એન્ટીરેગિંગના નિયમો અને વિદ્યાર્થી સહાય સેવાઓ અંગે માહિતગાર કર્યા. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## સિદ્ધિ





સુરત સીટી પોલીસ અને સ્પોર્ટ ગુજરાત સંગઠન, ગુજરાત સ્ટેટ (એફ.ડી.એન) દ્વારા એસ.એમ.સી. કતારગામ કોમ્યુનિટી હોલ ખાતે પાવરલીફટીગ, બેંચ પ્રેસ અને ડેડલિફ્ટ સ્પર્ધા–૨૦૨૬ આયોજન કરવામાં આવેલ હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં બી.સી.એ.માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કટારીયા દર્શન જસુભાઈએ ૮૩ કે.જી.માં ભાગ લઈ પાવર લીફટીગ અને ડેડલીફટમાં ગોલ્ડ મેડલ તેમજ બેંચ પ્રેસમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, સ્પોર્ટસ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ સમગ્ર સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં છે.

## આર્ટ ઓફ માઈન્ડ કંટ્રોલ અંગે સેમિનાર

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા.૨૪/૦૬/૨૦૨૬નાં રોજ એન.સી.સી અને એન.એસ.એસ.નાં વિદ્યાર્થીઓ માટે

આર્ટ ઓફ માઈન્ડ કંટ્રોલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય વકતા શ્રી સુબલ સુંદર દાસ (ઈસ્કોન મંદિર) હાજર રહી વિદ્યાર્થીઓને આર્ટ ઓફ માઇન્ડ કંટ્રોલ અંતર્ગત નકારાત્મક વિચારોને કેવી રીતે દુર કરવા તેમજ મનની શાંતિ માટે 'સાઉન્ડ મેડીટેશન' અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. આ સેમીનારમાં કુલ ૧૦૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર જ્યોતિકા ટેલર, એન.સી.સી., સી.ટી.ઓ. ડૉ. અનિલા પિલ્લાઈ, પ્રા. ડૉ. હેમાદ્રી ટીકાવાલા, પ્રા. ડૉ. સુનિતા યાદવ તેમજ પ્રા. ડૉ. હિમાની ગાંધીના સહયોગથી યોજાયો હતો.








## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### World Environment Day Celebration 2026





World Environment Day was celebrated on 5th June 2026 at C. N. Kothari Homoeopathic Medical College & Research Centre with a Tree Plantation programme to promote environmental awareness and sustainability. The plantation activity was conducted in the Pharmacy Department Herbarium Garden on the college campus. A special feature of the programme was the plantation of saplings by Mr. Vijaybhai Suthar and Mr. Sachinbhai Gamit from the Hospital Staff, who celebrated their birthdays on the same day. Their participation symbolized a meaningful and eco-friendly way of celebrating the occasion.

The programme aimed to encourage environmental conservation, increase the green cover of the campus, and inspire students and staff to adopt sustainable practices for a cleaner and healthier environment. The event was conducted by activity committee and pharmacy department under the guidance of Principal Dr. Jyoti Rao. Faculty Members, Students, Hospital Staff actively participated in the event and contributed to its success.

### International Yoga Day Celebration






On the occasion of International Yoga Day our college C. N. Kothari College and Research Centre celebrated 12th International Yoga Day.

In this celebration we conducted various activities like Awareness Program on Yoga in Shishu Gujari School for schools students and staff and General Yoga Awareness problem was conducted for General Public in our college. We have also posted various Posters of asana and pranayam with benefits and precautions on social media for public awareness.

We celebrated International yoga day on 21st June 2026 in which all students 1st, 2nd, 3rd and 4th year BHMS, doctors and staff participated. In this program YCB guidelines were followed with Sukshma kriya, Asana, Pranayam, Meditation followed by National song was done. Also staff and students of our college took a pledge to practice Yoga on daily basis. This whole session and activities was conducted by Dr Jyoti Shukla (Naturopath and Yoga expert) and Dr Piyush Pandya (Yoga Instructor)

This whole program was arranged by activity committee in coordination with Naturopathy and Yoga Department. The whole program was done under the guidance of Principal Dr Jyoti Rao in coordination with activity committee and yoga and naturopathy department.

## એસ.પી.બી. ઈંગ્લિશ મીડીયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત.

### અદાણી પોર્ટની શૈક્ષણિક મુલાકાત






સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડીયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતના NSS યુનિટ દ્વારા તા. ૮–૬–૨૦૨૬ના રોજ ગુજરાત સરકારના ઉડાજ પ્રોજેક્ટ અંતર્ગત હજીરા સ્થિત અદાણી પોર્ટ લિમિટેડ અને અદાણી વિલ્માર લિમિટેડની શૈક્ષણિક–ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં NSSના ૪૯ સ્વયંસેવક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને બંદર વ્યવસ્થાપન, લોજિસ્ટિક્સ, કાર્ગો હેન્ડલિંગ, શિપિંગ પ્રક્રિયાઓ, ઉત્પાદન વ્યવસ્થા તેમજ આધુનિક ઔદ્યોગિક કાર્યપદ્ધતિ અંગે પ્રાયોગિક જ્ઞાન પ્રદાન કરવાનો હતો. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ અદાણી પોર્ટ ખાતે કન્ટેનર ટર્મિનલ, શિપ–ટુ–શોર ક્રેન્સ, કાર્ગો હેન્ડલિંગ સિસ્ટમ, ડ્રેજિંગ પ્રક્રિયા, કસ્ટમ્સ કિલયરન્સ અને સુરક્ષા વ્યવસ્થાઓનું નિરિક્ષણ કર્યું હતું. ઉપરાંત આધુનિક બંદળ માળખું, આંતરરાષ્ટ્રીય વેપારમાં બંદરોની ભૂમિકા તથા દેશના આર્થિકવિકાસમાં પોર્ટ ક્ષેત્રના યોગદાન અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. ત્યારબાદ અદાણી વિલ્માર લિમિટેડ ખાતે વિદ્યાર્થીઓએ ખાદ્ય તેલ રિફાઈનિંગ, પેકેજિંગ, ગુણવત્તા નિયંત્રણ, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, વેરહાઉસિંગ તેમજ પર્યાવરણલક્ષી ઉત્પાદન પ્રક્રિયાઓનું અવલોકન કર્યું હતું. કંપની દ્વારા અપનાવવામાં આવતી આધુનિક ટેકનોલોજી, સલામતીના ધોરણો અને ગુણવત્તા વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી નરેશભાઈ ચીકુલા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે પોર્ટ, લોજિસ્ટિકસ અને મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો, ઔદ્યોગિક સલામતી અને આધુનિક ઉદ્યોગોની કાર્યપદ્ધતિ અંગે ઉપયોગી માહિતી આપી હતી. આ શૈક્ષણિક મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી સાબિત થઈ હતી. મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પ્રાપ્ત થતા સૈદ્ધાંતિક જ્ઞાનને વાસ્તવિક ઔદ્યોગિક અનુભવ સાથે સાંકળવાની અનોખી તક પ્રાપ્ત થઈ હતી, જેના પરિણામે તેઓમાં લોજિસ્ટિકસ, મેરીટાઈમ અને મેન્યુફેકચરિંગ ક્ષેત્ર પ્રત્યે વધુ સમજ અને રસ વિકસ્યો હતો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયાના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પ્રોગ્રામ અધિકારીઓ ડૉ. મિતાલી પટેલ અને ડૉ. પ્રતિક પસ્તાગિયાના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી





સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત, વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન તથા વી.ટી.ચોકસી લો કૉલેજના સંયુકત ઉપક્રમે તા. ૨૧–૦૬–૨૦૨૬ના રોજ બી.એડ. કૉલેજના હોલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન યોગગુરુ શ્રીઅભિષેક આર્યા અને શ્રી સંદિપ રાજપૂત દ્વારા વિવિધ યોગાસનોને પ્રાણાયમનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભો અંગે પણ વિસ્તૃત માહિતી આપી હતી. ઉપસ્થિત સૌએ ઉત્સાહપૂર્વક યોગાભ્યાસમાં ભાગ લઈને સ્વસ્થ્ય અને સંતુલિત જીવનશૈલી માટે યોગના મહત્વને સમજ્યું હતું. આ કાર્યક્રમમાં ત્રણેય કૉલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીગણ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દ્વારા નિયમિત યોગાભ્યાસ અપનાવી સ્વસ્થ્યપ્રદ જીવન જીવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનમાં કોલેજના એન.એસ.એસ. સ્વયંસેવકોનો ઉત્સાહપૂર્ણ સહભાગ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે આયોજિત વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનમાં એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતના NSS સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે તા. ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી શ્રીમતી રક્ષા ખડસેજી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એસપીબી ઈંગ્લિશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરતના NSSના સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્વયંસેવકોએ વૃક્ષારોપણ અને સ્વચ્છતા પ્રવૃત્તિઓમાં સક્રિય સહભાગિતા નોંધાવી પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન કોલેજના NSS કાર્યક્રમ અધિકારી તથા સ્વયંસેવકોને માય ભારત પોર્ટલ, ભારત સરકાર હેઠળના સુરત જિલ્લાના જિલ્લા યુવા અધિકારી (DYO) શ્રી અભિષેક ગાયકવાડ સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ કોલેજ દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ NSS પ્રવૃત્તિઓ અને સેવાકીય કાર્યો અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી અને જાગૃતિસભર રહ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લેવા માટે કોલેજનાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયાએ માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં NSS ઓફિસર ડૉ. પ્રતિક પસ્તાગિયા અને ડૉ. ચિન્તલ મોઢે ભાગ લીધો હતો.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ,વાલીયા.

## ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી





શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ, વાલીયાના રાષ્ટ્રીય સેવા યોજના NSS અને શ્રી રંગ નવચેતન વિદ્યામંદિર વાલીથા તેમજ ઈશ્વરીય બ્રહ્માકુમારી પઠારના સંયુક્ત ઉપક્રમે ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમની શરૂઆત યોગથી થતા લાભ અને રોજિંદા જીવનમાં યોગનું મહત્વ તેમજ યોગ દ્વારા શરીરને કઈ રીતે સ્વસ્થ રાખી શકાય વગેરે મુદ્દાઓની માહિતી પઠાર સંચાલિત બ્રહ્માકુમારીમાંથી પધારેલા યોગ નિષ્ણાંત દ્વારા આપવામાં આપી હતી તથા

સુરસંગીત સાથે વિવિધ યોગાસનો વિદ્યાર્થીઓને કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજ અને શાળાનો સમગ્ર સ્ટાફ તેમજ સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓએ મોટા પ્રમાણમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં હાજર રહેલા સમગ્ર વ્યક્તિઓએ પોતાના રોજિંદા જીવનમાં યોગને સ્થાન આપવાનો નિર્ણય કર્યો હતો. આ કાર્યક્રમની પ્રેરણા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ નિયતિબેન ભટ્ટ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન NSS કો–ઓર્ડીનેટર ડૉ. પુષ્પાબેન પટેલ, ડૉ. દિનેશસિંહ રાજ, ડૉ. કુસુમબેન પટેલ અને કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું.

## Inter-College Quiz Competition

The Department of English, Shree Rang Navchetan Mahila Arts College, Valia, organized an Inter-College Quiz Competition on 26th June 2026 to observe the International Day Against Drug Abuse and Illicit Trafficking. The theme of the competition was "Addiction-Free India – Identity of a Developed India." The event received an overwhelming response, with 154 students from various colleges affiliated with different universities participating enthusiastically. The quiz aimed to create awareness about drug abuse and inspire students to contribute towards building a healthy, addiction-free society. The programme was successfully coordinated by In Charge Principal Dr. Niyati B. Bhatt, Asst. Prof. Sonal N. Gharia and Asst. Prof. Parulben N. Rana. The competition concluded with a strong message encouraging youth to support the vision of a Drug-Free and Developed India.

## કુલપતિશ્રી સાથે શુભેચ્છા મુલાકાત










શ્રી રંગ નવચેતન ટ્રસ્ટ તથા શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયાના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ દ્વારા તા. ૨૪/૦૬/૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના યશસ્વી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાથે શુભેચ્છા મુલાકાત યોજવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા દેશની નવી શિક્ષણ નીતિના અમલીકરણ અને ઉચ્ચ શિક્ષણના વિકાસ માટે મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવતા કુલપતિશ્રીને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની શિક્ષણક્ષેત્રે આપેલી અવિસ્મરણીય સેવાઓ, પારદર્શક કાર્યપદ્ધતિ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સર્વાંગી વિકાસ માટેના તેમના દૃષ્ટિકોણ તેમજ સમાજ અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરવામાં આવી હતી.

શ્રી રંગ નવચેતન ટ્રસ્ટ અને શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયા અને શ્રી રંગ નવચેતન કોમર્સ કૉલેજ, વાલીયા અને સમગ્ર નવચેતન પરિવાર દ્વારા કુલપતિશ્રીને તેમના ઉજ્જવળ કાર્ય માટે શુભકામનાઓ પાઠવતાં પ્રાર્થના કરવામાં આવી કે તેઓ ભવિષ્યમાં પણ વિશ્વવિદ્યાલય, રાજ્ય અને દેશને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડીને શિક્ષણ જગતને ગૌરવાન્વિત કરતા રહે. આ શુભેચ્છા મુલાકાત સૌહાર્દપૂર્ણ અને પ્રેરણાદાયી વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

## ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલિયાના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૭ જૂન, ૨૦૨૬ના રોજ (World MSMEs Day) નિમિત્તે ઓનલાઈન ક્વિઝનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં Micro, Small and Medium Enterprises (MSMEs)ના મહત્વ, ઉદ્યોગસાહસિકતા, રોજગારી સર્જન

અને આર્થિક વિકાસમાં તેમના યોગદાન અંગે જાગૃતિ લાવવાનો હતો. Google Form મારફતે આયોજિત આ ક્વિઝમાં કોલેજની કુલ ૬૦ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ક્વિઝમાં MSMEs, આત્મનિર્ભર ભારત, ઉદ્યોગસાહસિકતા અને MSMEs સંબંધિત સામાન્ય જ્ઞાન આધારિત પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ક્વિઝ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ઈ–સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતાં. કાર્યક્રમના આયોજન અને સંકલન માટે અર્થશાસ્ત્ર વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજના પ્રભારી આચાર્ય ડૉ. નિયતિ બી. ભટ્ટે આ પ્રકારની જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પણ સક્રિયપણે જોડાવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં MSMEs પ્રત્યે જાગૃતિવધારવાની સાથે ઉદ્યોગસાહસિકતા અને સ્વરોજગાર પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવામાં સફળતા મળી હતી.

## નશામુક્ત ભારત અભિયાન–વિકસિત ભારતની ઓળખ વિષય પર આંતર કોલેજ ક્વિઝ સ્પર્ધા




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલિયાના રાષ્ટ્રીય સેવા યોજના NSS એકમ દ્વારા તા. ૨૬ જૂન, ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિવસ નિમિત્તે 'નશામુક્ત ભારત અભિયાન – વિકસિત ભારતની ઓળખ' વિષય પર આંતર–કોલેજ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં વિવિધ વિશ્વવિદ્યાલયો સાથે સંલગ્ન કોલેજોના કુલ ૧૬૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ નશાના દૂષણો, તેના નિવારણ, કાયદાકીય જોગવાઈઓ તેમજ સમાજમાં જનજાગૃતિ અંગેના પ્રશ્નોના જવાબો આપી પોતાની જ્ઞાનક્ષમતા અને સામાજિક જાગૃતિનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાએ યુવાનોમાં નશા પ્રત્યે જાગૃતિ લાવવાની સાથે સ્વસ્થ, જવાબદાર અને મૂલ્યનિષ્ઠ જીવન જીવવાનો સંદેશ પ્રસારિત કર્યો.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન NSS કો–ઓર્ડિનેટર ડૉ. પુષ્પાબેન કે. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. NSS પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. દિનેશસિંહ જી. રાજ તથા ડૉ. કુસુમબેન એસ. પટેલે આયોજન, સંકલન, નોંધણી, પ્રશ્નોત્તરી અને કાર્યક્રમના સફળ સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે NSS Allies તરીકે આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રિયા એ. ચૌહાણ તથા આસિસ્ટન્ટ પ્રોફેસર વિશાલ એમ. વસાવાએ પણ સક્રિય સહયોગ આપ્યો હતો. તેમના સહકાર અને માર્ગદર્શનને કારણે કાર્યક્રમ સુવ્યવસ્થિત અને સફળતાપૂર્વક પૂર્ણ થયો.

કાર્યક્રમના અંતે તમામ સહભાગી કોલેજો, વિદ્યાર્થીઓ, માર્ગદર્શક અધ્યાપકો અને આયોજન સાથે જોડાયેલા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ક્વિઝ સ્પર્ધા દ્વારા 'નશામુક્ત ભારત–વિકસિત ભારત'ના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો અને યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભાગીદાર બનવા માટે પ્રેરિત કરવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## National Statistics Day Online Quiz – 2026




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલિયાના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ભારતના મહાન આંકડાશાસ્ત્રના પિતા" તરીકે જાણીતા પ્રોફેસર પી.સી. મહાલનોબિસની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે ૨૯ જૂન, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસના મહત્વને ધ્યાનમાં રાખીને તા. ૨૯/૦૬/૨૦૨૬ના રોજ National Statistics Day Online Quiz- 2026નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ક્વિઝનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આંકડાશાસ્ત્રના મહત્વ અંગે જાગૃતિ લાવવાનો, પ્રોફેસર પી.સી. મહાલનોબિસના યોગદાનથી પરિચિત કરાવવાનો તથા ડેટા

આધારિત વિચારસરણી વિકસાવવાનો હતો. ક્વિઝમાં રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ, પ્રોફેસર પી.સી. મહાલનોબિસ, ભારતીય આંકડાશાસ્ત્ર સંસ્થા (ISI), વસ્તી ગણતરી, આંકડાશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો અને ડેટાના ઉપયોગ સંબંધિત કુલ ૧૦ બહુવિકલ્પીય પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

આ ક્વિઝમાં કોલેજની વિવિધ કક્ષાની કુલ ૨૭ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ઓનલાઈન માધ્યમ દ્વારા ક્વિઝ પૂર્ણ કરી હતી. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને E-Certificate આપવામાં આવનાર છે. આ ઑનલાઇન ક્વિઝનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### વિશ્વ યોગ દિવસની ઉજવણી

નવયુગ કોમર્સ કૉલેજ અને નવયુગ આર્ટસ કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજના અને રમત ગમત વિભાગના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૧ જૂન ૨૦૨૬ના રોજ સવારે ૭:૦૦ કલાકે ૧૨માં વિશ્વ યોગ દિવસની ઉજવણી નવયુગ કોમર્સ કૉલેજના મધ્યસ્થ હૉલમાં કરવામાં આવી હતી. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ દ્વારા યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડૉ. ધરિત નાયક અને શારીરિક શિક્ષણના પ્રા. છગનભાઈ અસારીયા તથા પ્રા. સુનિતા વરલી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં યોગના વિવિધ આસનો કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા.




## Shri Saraswati Mahavidhyalaya arts and commerce College, Abhvagam

### વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી





જગદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિતશ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના NSS યુનિટ જગદીપ શારદા નર્સિંગ એકેડમી તથા ભારત વિકાસ પરિષદ, સુરતના સંયુક્ત ઉપક્રમે તા. ૫ જૂન, ૨૦૨૬ના રોજ વિશ્વપર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ રેલી તથા નુક્કડ નાટક જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત આભવા વિસ્તારમાં જાગૃતિ રેલી દ્વારા કરવામાં આવી હતી. રેલીનો મુખ્ય હેતુ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો અને પર્યાવરણ પ્રત્યે વધુ સંવેદનશીલ બનાવવાનો હતો.

ત્યારબાદ વિદ્યાર્થીઓના પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા દ્વારા આરોગ્યમાં સુધારો તથા સ્વચ્છતાના મહત્વ જેવા વિષયો પર આધારિત પ્રેરણાદાયી નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું. નાટક દ્વારા સમાજને પર્યાવરણ બચાવવા અને સ્વચ્છતા જાળવવા માટે અસરકારક સંદેશ આપવામાં આવ્યો હતો. ઉપસ્થિત સૌએ નાટકની પ્રશંસા કરી હતી. ભારત વિકાસ પરિષદના સભ્યશ્રીઓએ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પર્યાવરણ પ્રત્યે વધુ જાગૃત અને જવાબદાર બનવાની અપીલ કરી હતી. ત્યારબાદ કૉલેજ પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેમાનશ્રીઓ, સ્ટાફ સભ્યો, NSSના સ્વયંસેવકો તેમજ વિદ્યાર્થીઓએ વિવિધ વૃક્ષોના રોપાઓ વાવી પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ વ્યકત કર્યો હતો. વૃક્ષારોપણ દ્વારા હરિયાળું

અને સ્વચ્છ પર્યાવરણ નિર્માણના સંદેશને વધુ સશક્ત બનાવવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે કૉલેજ ડાયરેક્ટર શ્રી ડૉ. યોગિતા શારદાજીએ સહભાગી બનેલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેનશ્રી વિરેન્દ્ર શારદાજી, મેનેજિંગ ડાયરેક્ટરશ્રી ડૉ. યોગિતા શારદાજી ભારત વિકાસ પરિષદના અધ્યક્ષશ્રી ભાવેશભાઈ ઓઝા, ઉપાધ્યક્ષશ્રી દિલીપભાઈ ચશ્માવાળા, ભારત વિકાસ પરિષદના સભ્યશ્રીઓ, શ્રી સરસ્વતી મહાવિદ્યાલયના સ્ટાફ સભ્યો, NSSના સ્વયંસેવકો તેમજ નર્સિંગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



જગદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિતશ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી વંદના તથા દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. યોગ ટ્રેનર તરીકે કુંજલ ચપતવાલા ઉપસ્થિત રહ્યા હતા. જેમને યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિવિધ યોગાસનો, પ્રાણાયમ તથા ધ્યાનની ક્રિયાઓનું પ્રાયોગિક નિદર્શન કરાવી સૌને યોગાભ્યાસ કરાવ્યો હતો.

આ પ્રસંગે જગદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી વીરેન્દ્ર શારદા અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યોગિતા શારદા, સિવિલ ડિફેન્સ, ભારત વિકાસ પરિષદ, મારવાડી યુવામંચના હોદ્દેદારો તથા સભ્યશ્રીઓ, કૉલેજ પરિવારના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ, NSSના સ્વયંસેવકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. સૌએ યોગાભ્યાસમાં સક્રિયપણે ભાગ લઈ સ્વસ્થ અને સુખમય જીવન માટે યોગના મહત્વને આત્મસાત કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોમાં યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવી સ્વસ્થ, સશક્ત અને સંતુલિત સમાજના નિર્માણમાં યોગદાન આપવા માટે આયુષ મંત્રાલયના યોગ પોર્ટલ પર ઓનલાઈન યોગ પ્રતિજ્ઞા લેવા સૌને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે યોગને જીવનશૈલી તરીકે અપનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સૌ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમના સફળ આયોજન માટે મહાવિદ્યાલયના આચાર્યશ્રી, NSS કાર્યક્રમ અધિકારી, સ્ટાફગણ તથા સ્વયંસેવકોએ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

## પોસ્ટર મેકિંગ સ્પર્ધા



જગદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિતશ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત ખાતે ઇ.ચા.આચાર્ય સ્વર્ણિમા જૈનના માર્ગદર્શન હેઠળ NSS યુનિટ દ્વારા નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નશાના વિવિધ સ્વરૂપો, તેના દૂષ્પરિણામો તથા નશા મુક્ત જીવન પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. વિદ્યાર્થીઓએ 'નશામુક્ત યુવા – સશક્ત ભારત', 'નશાથી દૂર, સફળતા સાથે મિત્રતા', 'રમત અપનાવો, નશો ભગાડો', 'ડિજિટલ ડિટોક્સ અને નશા મુક્ત યુવા' તેમજ 'બધી પ્રકારની લત સામે યુવા શક્તિ' જેવા વિષયો પર સર્જનાત્મક અને સંદેશાત્મક પોસ્ટરો તૈયાર કર્યા હતા.

વિદ્યાર્થીઓએ પોતાના પોસ્ટરો દ્વારા નશાના દુષ્પ્રભાવોને ઉજાગર કરીને સમાજમાં જાગૃતિ ફેલાવવાનો અસરકારક સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત કેમ્પસ ડિરેક્ટર શ્રી શામલી બરગરે, ઇ.ચા.આચાર્ય સ્વર્ણિમા જૈન તથા પ્રા. જયા પંડિત દ્વારા વિદ્યાર્થીઓને નશા મુક્ત જીવનના મહત્વ તથા રાષ્ટ્ર નિર્માણમાં યુવા શકિતની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્પર્ધા પૂર્ણ થયા બાદ દ્વારા પોસ્ટરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રેષ્ઠ પોસ્ટરમાં પ્રથમ સ્થાને કૉલેજના વિદ્યાર્થીઓ કરણ વાઘ, દ્વિતીય ક્રમે રાવત જિતેન્દ્ર, ખતીક શિવમ અને તૃતીય ક્રમે રાજ આંચલ, રાજપૂરોહિત અનિલ અને રાઉત કર્મા, પાંડે બુલબુલના પોસ્ટર રહ્યા હતા. તમામ સહભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કાર્યક્રમના સફળ આયોજન બદલ NSS કાર્યક્રમ અધિકારી હાર્દિકકુમાર પી. શેલડિયાએ મહાવિદ્યાલય પરિવાર, NSS સ્વયંસેવકો તથા ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-06-2026 to 31-06-2026

| Detail | Description | June-2026 | |
|---|---|---|---|
| User | Visitors | 1156 | |
| | Internet Lab User | | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lectures of Collage, Asst, Librarian | - | |
| | UG/PG Students | 4 | |
| | Research Scholars | 2 | |
| | Non Teaching Staff | 1 | |
| | Visitors | 5 | |
| | E-resource User | - | |
| | Total | | 1168 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| June-2026 | 63 | 67 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનારઃ ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2026 | 14 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2026 | 19 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2026 | 18 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Jitesh K. Topiwala**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Co-Editor & Type and Design: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in